# ૧૯.૧૫ મીટર ઊંચું એસ્કેલેટર! મુંબઈ મેટ્રોની આ સીડી સીધી એરપોર્ટ પર પહોંચશે

મુંબઈઃ મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશન (એમએમઆરસી) મેટ્રોમાં મુસાફરી કરતા વિમાની પ્રવાસીઓ એરપોર્ટ પર સરળતાથી પહોંચી શકે તે માટે આંતરરાષ્ટ્રીય ટર્મિનલ ટી -૨ પર દેશનું સૌથી ઊંચું એસ્કેલેટર સ્થાપિત કરી રહ્યું છે. આ એસ્કેલેટર ૧૯.૧૫ મીટરનું, અર્થાત કે છ માળની ઇમારત જેટલું ઊંચું હશે. મેટ્રોને એરપોર્ટ સાથે જોડતા આ સ્ટેશન પર આવા કુલ ૮ એસ્કેલેટર લગાવવામાં આવશે. એમએમઆરસીના પ્રવક્તાના જણાવ્યા અનુસાર હાલમાં દિલ્હી મેટ્રો સ્ટેશન પર સૌથી ઊંચું એસ્કેલેટર લગભગ ૧૫ મીટર છે, પરંતુ મેટ્રો-૩ના ટી-૨ સ્ટેશન પર ૧૯.૧૫ મીટર ઊંચા એસ્કેલેટર લગાવ્યા બાદ સૌથી ઊંચા પેસેન્જર એસ્કેલેટરનો રેકોર્ડ એમએમઆરસીના નામે નોંધવામાં આવશે. ૪ એસ્કેલેટર લગાવવાની પ્રક્રિયા શરૂ થઇ ગઈ છે, જેના માટે ૨૫૨ ટનની ક્ષમતાવાળી ક્રેનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. કોલાબા-બાંદ્રા-સીપ્ઝ વચ્ચે ૩૩.૫ કિલોમીટર લાંબો અને જમીનની સપાટીથી લગભગ ૧૫ થી ૨૨ મીટર ઊંડે અંડરગ્રાઉન્ડ મેટ્રો રૂટ તૈયાર કરવામાં આવી રહ્યો છે. એસ્કેલેટરની મદદથી હવાઈ યાત્રીઓ થોડી વારમાં જમીનની અંદરથી એરપોર્ટ પરિસરની નજીક પહોંચી શકશે. ■